Received on : 12-06-2026
Registered on : 12-06-2026
Decided on : 17-06-2026
Duration : Y M D
- - 05

**જુનાગઢના મે. પાંચમા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ. જુનાગઢ.**
**<u>ફોજદારી પરચુ. અરજી નં. ૪૭૪/૨૦૨૬.</u>**
**(સેશન્સ કેસ નં. ૨૫/૨૦૧૯ અન્વયે)**
**આંક– ૦૭**

કૃણાલ વિજયભાઈ રાઠોડ,
ઉ.વ. ૨૬, ધંધો–મજુરીકામ, ધર્મે–હિન્દુ,
રહે. ૪૦૨, મહેશ એપાર્ટમેન્ટ, બાબા કોમ્લેક્ષ પાછળ,
ઝાંઝરડા રોડ, જૂનાગઢ.
(હાલ જીલ્લા જેલ, જૂનાગઢ.) ....**અરજદાર/આરોપી**

**<u>–:: વિરૂધ્ધ ::–</u>**

શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ. ......**સામાવાળા**

**વિષય :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :–** ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૫૦૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ.

**સંદર્ભ:–** જૂનાગઢ બી–ડીવીઝન પો. સ્ટે. ગુ. રજી. નં. ફર્સ્ટ ૧૮૨/૨૦૧૮.

---

અરજદાર/આરોપી તરફે વિ. વકીલશ્રી કે. એસ. બોરીચાંગર.
સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એડી.પી. પી. શ્રી ડી. સી. ઠાકર.

---

**<u>–: હુકમ :–</u>**

(૧) હાલની અરજી અરજદાર/આરોપી સામે જૂનાગઢ બી–ડીવીઝન પો. સ્ટે. ગુ. રજી. નં. ફર્સ્ટ ૧૮૨/૨૦૧૮, ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૫૦૪ તથા

જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાને કામે હાલના અરજદાર /આરોપી કસ્ટડીમાં હોય, તેઓ તરફે બી. એન. એસ. એસ.ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે તેમના વકીલશ્રી મારફત હાલની આ અરજી દાખલ કરેલ છે. જે અરજી દાખલ કરી સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા સરકારશ્રી તરફે વિદ્ધાન મદદનીશ સરકારી વકીલશ્રી ડી. સી. ઠાકર હાજર થયેલા. તેઓએ તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું આંક–૦૬ થી રજુ કરેલ છે.

(૨) અરજીના અનુસંધાને અરજદાર/આરોપી તરફે વિદ્ધાન વકીલશ્રી ને તથા સામાવાળા સરકારશ્રી તરફે વિદ્ધાન મદદનીશ સરકારી વકીલશ્રી ડી. સી. ઠાકરને રૂબરૂ સાંભળ્યા. અરજીમાં જણાવેલ હકીકતો અને અરજી સાથે રજુ કરેલ પેપર્સ તથા રેકર્ડ અને તપાસ કરનાર અમલદારે આંક–૦૬ થી રજુ કરેલ સોગંદનામું વંચાણે લીધુ.

(૩) અરજદાર/આરોપી તરફે વિદ્ધાન વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીએ અન્ય સહઆરોપીઓ સાથે ટ્રાયલની કાર્યવાહીમાં સંપુર્ણ સહકાર આપેલ છે અને લગભગ તમામ મુદૃતોમાં હાજર રહેલ છે અને કામ દલીલ ઉપર રાખેલ તે તારીખે અરજદાર/આરોપી નામદાર કોર્ટમાં હાજર રહી શકેલ ન હોય વોરંટનો હુકમ થયેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/ આરોપીની ગેરહાજરી કોઈ ઈરાદાપુર્વક કે કાયદાની પ્રક્રિયાથી બચવા માટે ન હતી, પરંતુ અરજદારના કાબુ બહારના સંજોગોને કારણે થયેલ છે અને અરજદાર/આરોપી મજુરી કામે બહારગામ હોય, વકીલ સાથે સંપર્ક કરી શકેલ ન હોય તે કારણસર ગેરહાજર રહેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/ આરોપી જણાવેલ સરનામે રહે છે, કયાંય નાસી–ભાગી જાય તેમ નથી, કમાનાર એક વ્યકિત છે, શરતો પાળવા અને જામીન આપવા તૈયાર

છે જે તમામ હકીકતે અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

**(૪)** જયારે સરકાર તરફે વિદ્વાન વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી તથા અન્ય આરોપીઓએ એકસંપ કરી ગેરકાયદેસર મંડળી રચી ફરીયાદી તથા સાહેદોને ભુંડી ગાળો કાઢી લાકડી વડે માર મારી ગુન્હો કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપી ટ્રાયલ દરમ્યાન હાજર ન રહેતા અગાઉ શરતી જામીન ઉપર મુકત થયેલ તેનુ પાલન કરેલ નથી અને જામીન મુકત થયે ટ્રાયલમાં સહકાર આપશે નહીં અને નાસી–ભાગી જશે અને ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે નહીં જે તમામ હકીકતે અરજદાર/ આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

**(૫)** બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજુઆતો ઘ્યાને લીઘી તથા અરજીમાં જણાવેલ હકીકતો, અરજી સાથે રજુ કરેલ પેપર્સ, પોલીસ તપાસના કાગળો અને તપાસ કરનાર અમલદારે રજુ કરેલ સોગંદનામું ઘ્યાને લીઘુ.

**(૫.૧)** ફરીયાદ તથા પોલીસ તપાસના કાગળો વંચાણે લેતા, આ કામે આરોપીની સામે ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૫૦૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ છે. હાલના અરજદાર /આરોપી સામે ઉકત જણાવેલ ગુના સબંધે ફરીયાદ દાખલ થયા બાદ વોરંટના આધારે જયુડીશીયલ કસ્ટડીમાં છે. આમ, હાલની અરજી અરજદાર /આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૪ની કલમ ૪૮૩ નીચે અત્રેની અદાલત સમક્ષ કરેલ છે.

**(૫.૨)** જામીન અરજી લગત નિર્ણય કરતી વખતે અદાલતે ઘ્યાનમાં રાખવાના માપદંડ શું હોવા જોઈએ તે અંગે નામદાર સુપ્રીમ કોર્ટએ Ajwar and Others

V/S Waseem and Another (2024 (0) AIJEL-SC 73697) ના ચુકાદામાં પારા ૨૬માં ઠરાવેલ છે તે આ તબકકે જોવાનું હું ઉચીત માનું છું. જે જોઈએ તો,

> 26. While considering as to whether bail ought to be granted in a matter involving a serious criminal offence, the Court must consider relevant factors like the nature of the accusations made against the accused, the manner in which the crime is alleged to have been committed, the gravity of the offence, the role attributed to the accused, the criminal antecedents of the accused, the probability of tampering of the witnesses and repeating the offence, if the accused are released on bail, the likelihood of the accused being unavailable in the event bail is granted, the possibility of obstructing the proceedings and evading the courts of justice and the overall desirability of releasing the accused on bail.

વધુમાં આ કામ હાલ દલીલના સ્ટેજ પર હોય, જામીન અંગે કડક શરતો લાદી આરોપીની હાજરી સીકયોર થઈ શકે તેમ જણાય છે. જેથી વાજબી શરતો આધારે આરોપીની ટ્રાયલ વખતેની સીકયોરીટી, લઈ જામીન મુકત કરવા હું ઉચીત માનું છું. જેથી આરોપીને પ્રીટ્રાયલ કન્વીકશન થાય નહી તે સિધ્ધાંત પણ ધ્યાને લીધેલ છે. આ કામે ફરીયાદપક્ષે અરજદાર/ આરોપી આવા પ્રકારના ગુન્હા ફરી વખત કરશે તેવી દહેશત રહેલી છે તે અંગે યોગ્ય શરતો કરી શકાય. વધુમાં ના. સુપ્રિમ કાર્ટના sanjay Chandra v. Central Bureau of Investigation (2012) 1 SCC 40 તથા Satender Kumar Antil v. CBI (2022 SCC OnLine SC 825) ના ચુકદાના માર્ગદર્શક નિર્દેશન ધ્યાને લીધા.

જેથી ઉપરોકત સંજોગોમાં માની આરોપીને યોગ્ય શરતોને આધિ જામીન ઉપર મુકત કરવા મારી વિવેકબુધ્ધિને આધીન સત્તા વાપરવી ન્યાયોચિત જણાતુ હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

– : હુ ક મ :–

હાલના અરજદાર/આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સહિંતાની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે અને રૂા. ૫૦,૦૦૦/– ના જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કર્યેથી જામીન મુકત કરવાનો આદેશ કરવામાં આવે છે.

શરતો :

૧. અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના સાક્ષીઓને ધાક ધમકી, લોભ–લાલચ કે દબાણ આપવા નહી કે કોઈપણ રીતે સંપર્ક કરવો નહી.

૨. અરજદાર/આરોપીએ પોતાના રહેઠાણનું હાલનું અને કાયમી સરનામુ અદાલત સમક્ષ દસ્તાવેજી પુરાવા સાથે જાહેર કરવુ અને સરનામુ બદલાય તો તે અંગેની જાણ કરવી. અરજદાર/આરોપીએ પોતાના મોબાઈલ નંબર તથા આધાર નંબર જાહેર કરવા.

૩. અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો નીચેની અદાલતમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે સંબંધેનુ સોગંદનામુ કરવુ.

૪. અરજદાર /આરોપીએ નીચેની અદાલતની પૂર્વ પરવાનગી સિવાય ગુજરાત રાજયની હદ છોડવી નહી.

– ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી આપવામાં આવેલ જામીન આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

આ હુકમ આજરોજ તા. ૧૭મી, જુન, ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

મુકામ– જુનાગઢ

તારીખ– ૧૭/૦૬/૨૦૨૬

(હિતેશ ગીરીશભાઈ દામોદ્રા)
પાંચમા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ.
(જજ કોડ– GJ01005).